## સિટી સરવે વિભાગની માપણી પ્રક્રિયા ઓનલાઈન કરવા રજૂઆત

**વલસાડ** ડિસ્ટ્રિક્ટ રિયલ એસ્ટેટ ડેવલપર્સ એસોસિએશન દ્વારા મુખ્યમંત્રીને રજૂઆત કરવામાં આવી

વલસાડઃ વલસાડ ડિસ્ટ્રિક્ટ રિયલ એસ્ટેટ ડેવલપર્સ એસોસિએશન (VDREDA) દ્વારા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સમક્ષ રજૂઆત કરવામાં આવી છે. ગુજરાત સરકારના મહેસૂલ વિભાગ દ્વારા ડિજિટલ ઈન્ડિયા અને ગતિશીલ ગુજરાતના મંત્ર હેઠળ ખેતીની જમીનની માપણી (DILR) પ્રક્રિયાને ઓનલાઈન કરીને જે અભૂતપૂર્વ પારદર્શિતા લાવવામાં આવી છે, તેને વલસાડના બિલ્ડર એસોસિએશને આવકારી છે. ખેતીની જમીનની જેમ જ સિટી સર્વે વિસ્તારની માપણી પ્રક્રિયાને પણ 'i-ORA' પોર્ટલ હેઠળ ઓનલાઈન કરવા અને કચેરીઓમાં પૂરતો સ્ટાફ ફાળવવા એસોસિએશને મુખ્યમંત્રીને લેખિત રજૂઆત કરી છે.

બિલ્ડર એસોસિએશનના પ્રમુખ અશોકભાઈ કે. માંગે અને સેક્રેટરી ચેતન એસ. ભાનુશાલીની આગેવાની હેઠળ કરાયેલી આ રજૂઆતમાં જણાવવામાં આવ્યું છે કે, હાલમાં સિટી સર્વે ઓફિસમાં, ખાસ કરીને વાપી સિટી સર્વે ઓફિસમાં, કર્મચારીઓની ભારે ઘટ વર્તાઈ રહી છે. આ સ્ટાફની અછતને કારણે માપણીની અરજી કર્યા બાદ માત્ર ચલણ મેળવવા અને પૈસા ભરવામાં જ ૮થી ૧૦ દિવસનો સમય નીકળી જાય છે. આટલું જ નહીં, ફી ભર્યા પછી પણ વાસ્તવિક માપણીની પ્રક્રિયા પૂર્ણ થતાં સરેરાશ ૨થી ૩ મહિના જેટલો લાંબો સમય લાગે છે. આ વહીવટી વિલંબના કારણે બાંધકામ, પ્રોજેક્ટ લોન પ્રોસેસ અને મિલકતના અન્ય વિકાસલક્ષી કાર્યો ખોરવાય છે, જેની સીધી નકારાત્મક અસર સ્થાનિક આર્થિક પ્રવૃત્તિઓ પર પડી રહી છે. એસોસિએશનની મુખ્ય માંગણી છે કે જે રીતે ખેતીની જમીનમાં ૨૧ દિવસની સમયમર્યાદામાં માપણીની કામગીરી ઓનલાઈન થાય છે, તેવી જ વ્યવસ્થા સિટી સર્વે માટે પણ સત્વરે અમલી બનાવવામાં આવે. જો આ પ્રક્રિયા 'i-ORA' પોર્ટલ મારફતે સંપૂર્ણપણે ઓનલાઈન કરવામાં આવે તો ભ્રષ્ટાચારની સંભાવના નહિવત બનશે અને વહીવટી પારદર્શિતામાં વધારો થશે. નિશ્ચિત ૨૧ દિવસની સમયમર્યાદામાં માપણીના કેસોનો નિકાલ શક્ય બનશે, જેનાથી અરજદારો અને સામાન્ય નાગરિકોના કિંમતી સમય, શક્તિ અને નાણાંનો બચાવ થશે તથા સરકારી સ્તરે વહીવટી સરળતા રહેતા બાકી કામોનું પ્રમાણ પણ ઘટશે.



## પારડીના પરવાસા ગામે મકાનમાં ભીષણ આગ: ઘરવખરીનો સામાન બળીને ખાખ

પારડીઃ પારડી તાલુકાના પરવાસા ગામે રહેતા મધુબેન આશિષભાઈ પટેલના ઘરે મળસ્કે 4 વાગ્યે અચાનક કોઈ અગમ્ય કારણોસર આગ લાગી હતી. આગ એટલી ઝડપથી પ્રસરી હતી કે જોતજોતામાં આખા ઘરને લપેટમાં લઈ લીધું હતું. આ ઘટનામાં મધુબેનના મકાનને ભારે નુકસાન પહોંચ્યું છે. ઘરમાં રાખેલા લાકડાં, પતરાં, મોટર તેમજ ઘરવખરીનો સામાન સંપૂર્ણપણે બળીને ખાખ થઈ ગયો હતો.

આગ લાગતાની સાથે જ આસપાસના રહીશોએ પોતાના સ્તરે આગ પર કાબૂ મેળવવાનો પ્રયાસ શરૂ કર્યો હતો. ત્યારબાદ ફાયર બ્રિગેડની ટીમ ઘટના સ્થળે પહોંચી હતી અને આગ પર કાબૂ મેળવ્યો હતો. મકાન માલિક મધુબેન પટેલે જણાવ્યું કે, આગમાં ઘણું નુકસાન થયું છે. સરકાર તરફથી અમને આ નુકસાનીનું વળતર અને બને એટલી આર્થિક સહાય મળે તેવી આશા વ્યક્ત કરી હતી.

## વાપીને હરિયાળું બનાવવામાં આરતી ઇન્ડસ્ટ્રીઝનો સિંહફાળો રહ્યો છે

**Vapi GIDC,** Notified Area, તેમજ VIA સાથે સંકલનમાં રહીને મુખ્ય બગીચાઓ, પોકેટ ગાર્ડન, સમગ્ર રાજ્ય માટે દાખલારૂપ મુક્તિધામ વગેરેની વર્ષોથી આરતી ઇન્ડસ્ટ્રીઝ દેખરેખ રાખે છે

**એક** જવાબદાર ઉદ્યોગ ગ્રુપ તરીકે આરતી ઇન્ડસ્ટ્રીઝ ના વાપી ખાતે આવેલ 6 યુનિટમાંથી 4 યુનિટ ઝીરો લીકવીડ ડિસ્ચાર્જ યુનિટ એટલે કે ZLD તરીકે કાર્યરત છે જે પર્યાવરણ ની જાળવણી માટે એક જવાબદારીપૂર્વક અભિગમ દર્શાવે છે







વાપી : આરતી ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ ના કેમિકલ પ્લાન્ટ છેલ્લા 40+ વર્ષથી વાપી ખાતે કાર્યરત છે. આરતી ઇન્ડસ્ટ્રીઝ એ એક નાની ફેક્ટરી થી શરુ કરી આજે અગ્રણી ઉદ્યોગ તરીકે નામના મેળવી છે. આ સફર દરમિયાન કોઈ એક વસ્તુ અવિરત ચાલતી આવી હોય તો એ છે પર્યાવરણ માટે નો આરતી ઇન્ડસ્ટ્રીઝ નો અભિગમ. વાપી ખાતે આરતી ઇન્ડસ્ટ્રીઝ દ્વારા છેલ્લા કેટલાક વર્ષોથી આપણા વાપી ને હરિયાળું વાપી બનાવવા માટે આરતી ઇન્ડસ્ટ્રીઝનો સિંહફાળો રહ્યો છે. GIDC, Notified Area, તેમજ VIA સાથે સંકલનમાં રહીને આરતી ઇન્ડસ્ટ્રીઝ દ્વારા વાપીના મુખ્ય બગીચાઓ, પોકેટ ગાર્ડન, સમગ્ર રાજ્ય માટે દાખલારૂપ મુક્તિધામ, વિગેરે નું વર્ષોથી દેખરેખ આરતી ઇન્ડસ્ટ્રીઝ દ્વારા રાખવામાં આવે છે. આ ઉપરાંત વાપી ગ્રીન સોસાયટી દ્વારા આપવામાં આવતા વિવિધ ગ્રીન સ્પેસ પણ આરતી ઇન્ડસ્ટ્રીઝ દ્વારા દેખરેખ રાખવામાં આવે છે.

GIDC વિસ્તાર ઉપરાંત આજુબાજુના ગામોમાં પણ સામાજિક ઉત્તરદાયિત્વ ના ભાગ રૂપે આરતી ગ્રુપ દ્વારા વિવિધ જગ્યાઓ જેવી કે સલવાવ મુક્તિધામ, સલવાવ પાણીની ટાંકી, જેવા સ્થળોએ લગભગ 4.5 એકર ના વિસ્તારમાં ગ્રીન બેલ્ટ બનાવવામાં આવેલ છે. આ ઉપરાંત એક જવાબદાર ઉદ્યોગ ગ્રુપ તરીકે આરતી ઇન્ડસ્ટ્રીઝ ના વાપી ખાતે આવેલ 6 યુનિટમાંથી 4 યુનિટ ઝીરો લીકવીડ ડિસ્ચાર્જ યુનિટ એટલે કે ZLD તરીકે કાર્યરત છે જે પર્યાવરણ ની જાળવણી એક જવાબદારીપૂર્વક અભિગમ દર્શાવે છે. વાપી આજે દેશના મહત્વના ઉદ્યોગ ક્ષેત્ર તરીકે ઉભરી આવેલ છે. વાપીના ઉદ્યોગો આજ રીતે જવાબદારી પૂર્વક વાપીને હરિયાળું બનાવવાની દિશામાં આગળ વધતા રહેશે એવી અપેક્ષા તથા અભિનંદન.

## ઉમરગામના ડહેલી ગ્રા.પં.માં નાણાંપંચના કામોમાં લાખોના ભ્રષ્ટાચારનો આક્ષેપ

**જિલ્લા** વિકાસ અધિકારીને રજૂઆત: પંચાયતના સભ્યએ ભષ્ટાચારનો આક્ષેપ લગાવ્યો

ઉમરગામ : ઉમરગામના ડહેલી ગ્રામ પંચાયતમાં નાણાંપંચના વિકાસના કામોમાં લાખોનો ભ્રષ્ટાચાર અને ઉચાપત થઈ હોવાનો આક્ષેપ ઉઠવા પામ્યો છે અને આ મુદ્દે જિલ્લા વિકાસ અધિકારીને રજૂઆત કરવામા આવી છે પંચાયતના સભ્યએ જ ભ્ષ્ટાચારનો આક્ષેપ લગાવતા ખળભળાટ મચી ગઈ છે.

પ્રાપ્ત સૂત્રો પાસેથી મળતી વિગતો મુજબ ઉમરગામ તાલુકાની ડહેલી ગ્રામ પંચાયતમાં ૧૫મા નાણાંપંચ હેઠળ મંજૂર કરાયેલા વિકાસ કામોમાં વ્યાપક ગેરરીતિ, ભ્રષ્ટાચાર અને સરકારી નાણાંના દુરુપયોગના ગંભીર આક્ષેપ ગ્રામ પંચાયતના સભ્ય દોલતભાઈ પટેલે લગાવ્યો છે અને યોગ્ય તપાસ કરી પગલાં ભરવાની માંગ જિલ્લા વિકાસ અધિકારી તથા તાલુકા વિકાસ અધિકારીને કરવામાં આવી છે વધુમાં ધારાસભ્ય રમણભાઈ પાટકરનું પણ ધ્યાન દોરવામાં આવ્યું છે. ખાસ કરીને ગટરના કામોમાં વ્યાપક ગેરરીતિ આચરવામાં આવી છે. અને ચુકવણા કરવામાં આવ્યા છે આ બાબતે જવાબદાર સરપંચ તલાટી કમ મંત્રી એજન્સી અને ઈજનેર સામે તપાસ થવી જોઈએ તેવી માંગ કરવામાં આવી છે.

## આર.કે. દેસાઈ ગ્રુપ ઓફ કોલેજીસ વાપીના બીસીએના છાત્રને ગોલ્ડ મેડલ




વાપી: આર.કે. દેસાઈ અચ્છારીવાલા કોલેજ ઓફ કમ્પ્યુટર એન્ડ એપ્લાઈડ સાયન્સમાં શૈક્ષણિક વર્ષ 2025-26માં અભ્યાસ કરતો વિદ્યાર્થી ઈરફાન ખાને બી.સી.એ. સેમેસ્ટર-2 ના Organizational Structure and Behaviour વિષયમાં એપ્રિલ 2026ની પરીક્ષામાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં તમામ કોલેજોના વિદ્યાર્થીઓમાંથી સૌથી વધુ માર્ક્સ સાથે ગોલ્ડ મેડલ મેળવી કોલેજ પરિવારનું ગૌરવ વધાર્યું હતું. સંસ્થાના ચેરમેન મિલન દેસાઈ, કેમ્પસ ડાયરેક્ટર ડો. મિત્તલ શાહ, B.C.A. વિભાગના HOD નેહા પટેલ તેમજ કોલેજના સર્વ અધ્યાપકોએ વિદ્યાર્થીને અભિનંદન પાઠવ્યા હતા.

### સુધારો

તા. ૦૪-૦૬-૨૦૨૬ નારોજ એડવોકેટ દિપાલી પટેલની ગુજરાતમિત્ર નવસારી જિલ્લા પાને છપાયેલ નોટિસમાં શરતચૂકથી ગામનું નામ " અલુરા " છપાયેલ છે, તેને બદલે " અંબાડા " વંચાણે લેવું.





**બીલીમોરા નવનાથ ધામ ખાતે ૭મી જૂને નવનિર્મિત શ્રી આઈ ભવન (યાત્રી નિવાસ) અને ગર્ભગિરિ પ્રસાદાલય (ભોજનશાળા) નો ભવ્ય ઉદ્ઘાટન સમારોહ**

રોહતક, હરિયાણા થી પધારશે મહંત યોગી પીર શ્રી બાલકનાથજી અને આશીર્વચન આપશે.

કેન્દ્રીય મંત્રી શ્રી સી. આર. પાટીલના વરદ હસ્તે ઉદ્ઘાટન, મુખ્ય મહેમાન તરીકે ગુજરાતના નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી ઉપસ્થિત રેહશે.

તારીખ: 07/06/2026, રવિવાર
ઉદ્ઘાટન વિધિ: સવારે 11:30 કલાકે
પ્રાસંગિક પ્રવચન: બપોરે 12:30 કલાકે
મહાભંડારો: બપોરે 01:30 કલાકે
સ્થળ: નવનાથ ધામ, દેવસર, બીલીમોરા




**બ્રહ્મલીન પ.પૂ. શ્રી સાનેદાદા** ની અસીમ કૃપા અને વિશ્વવંદનીય **પ.પૂ. શ્રી છોટેદાદા** ના માર્ગદર્શનમાં નવનાથ ધામનું અન્નક્ષેત્ર અવિરત સેવાયજ્ઞ ચલાવી રહ્યું છે. કોરોના મહામારી, પૂર જેવી કુદરતી આપત્તિઓ દરમિયાન હજારો જરૂરિયાતમંદો સુધી અન્નસેવાનો પ્રસાદ પહોંચાડયો છે. વૃદ્ધાશ્રમો, છાત્રાલયો તેમજ નિરાધાર પરિવારો માટે નિયમિત ભોજન સેવા અને દર ગુરુવારે ભવ્ય ભંડારાનું આયોજન ધામની સેવાભાવનાનું જીવંત પ્રતીક છે. ભક્તજનોની વધતી સંખ્યા અને સુવિધાની જરૂરિયાતોને ધ્યાનમાં રાખી આધુનિક સુવિધાઓથી સજ્જ પ્રસાદાલય અને યાત્રી નિવાસ નું નવ નિર્માણ કરવામાં આવ્યું છે, જે ભાવિકો માટે આશીર્વાદરૂપ બનશે.

**આ પ્રસંગે હરિયાણાથી મહંત યોગી પીર શ્રી બાલકનાથજી અને ગુજરાત ના સંતગણ ઉપસ્થિત રહેશે. ઉપરોક્ત પ્રકલ્પોનું ઉદ્ઘાટન કેન્દ્રીય મંત્રી શ્રી સી. આર. પાટીલના વરદ હસ્તે થશે. ગુજરાતના નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી, કેબિનેટ મંત્રી શ્રી નરેશભાઈ પટેલ, સાંસદ શ્રી ધવલભાઈ પટેલ, ધારાસભ્ય શ્રી વિજયભાઈ પટેલ અને સ્થાનિક નેતાગણ વિગેરે ની વિશેષ ઉપસ્થિતિ રેહશે.**

**આ ઉદ્ઘાટન સમારોહમાં સહ પરિવાર પધારી કાર્યક્રમને ગૌરવવંતો બનાવવા હાર્દિક આમંત્રણ છે.**

# VAPI GREEN ENVIRO LIMITED

**GIDC-VAPI INDUSTRIAL ESTATE – VALSAD DISTRICT, GUJARAT**

**VGEL's Commitment to Conserving and Preserving Nature**

Nature has generously gifted us essential elements like air, water, land, sunlight, minerals, trees, plants, and animals. These resources form the foundation of life on Earth. Without them, existence would not be possible. It is therefore imperative to conserve these natural assets to maintain biodiversity and preserve the environment for future generations.

Vapi Industrial Estate, one of India's largest chemical clusters, houses numerous industries — particularly Small-Scale Industries (SSIs), Micro, Small, and Medium Enterprises (MSMEs) and Large Scale Industries (LSIs). Recognizing the need to manage industrial impact on the environment, the Government of Gujarat and the Vapi Industries Association (VIA) jointly established **Vapi Green Enviro Limited (VGEL)** in 1997. VGEL's mission is to prevent and control industrial pollution while conserving and protecting vital natural resources — namely water,air, and land.

**VGEL Operates Key Environmental Infrastructure:**

- **Common Effluent Treatment Plant (CETP – Vapi)**
- **TSDF Landfill Facility – Common Solid Waste Plant (CSWP)**
- **World-Class Analytical Laboratory at the Centre of Excellence (CoE)**

All facilities are operated and maintained in strict accordance with the environmental standards and guidelines prescribed by the **Gujarat Pollution Control Board (GPCB)** and the **Central Pollution Control Board (CPCB).**

**Initiatives Towards Environmental Preservation**

VGEL has taken proactive steps to conserve nature. In association with the Green Society of VIA, VGEL has successfully undertaken:

- Tree plantation drives across open lands and designated pockets of the industrial estate
- Street beautification initiatives
- Clean-up campaigns
- Awareness sessions and educational seminars on environmental conservation

At various VGEL sites, substantial areas are designated as green belts:

**60% of the land at CETP-Vapi is maintained as green cover**










Greenery in CETP-Vapi

**Over 50% at the CSWP site is covered with greenery**









Greenery in TSDF-CSWP Vapi

**Approximately 55% at CoE-Vapi is under plantation**





Greenery in COE Vapi

These green initiatives collectively contribute to VGEL's broader vision of a **"Green Global Vapi."** More than **75,000 trees** have been planted across the industrial estate, creating a healthier and more sustainable ecosystem.

VGEL remains committed to its environmental mission and continues to implement meaningful actions that promote ecological balance, aiming to make the region a safe, green, and nurturing place to live and work.

On this World Environment Day, we reaffirm our dedication to protecting our natural world—for today, and for generations to come.